## Indian Institute of Teacher Education, Gandhinagar.

**3.3.Number of sanctioned posts year wise**

| S.No. | Year | Designation | Number of sanctioned | Total | Page No. |
|---|---|---|---|---|---|
| 1 | 2011 | Principal | 01 | 08 | 1-3 |
| 2 | 2011 | Assistant Professor | 07 | | |
| 3 | 2015 | Associate Professor | 02 | 04 | 5-7 |
| 4 | 2015 | Assistant Professor | 02 | | |
| 5 | 2017 | Professor | 01 | 08 | 8-10 |
| 6 | 2017 | Associate Professor | 02 | | |
| 7 | 2017 | Assistant Professor | 05 | | |
| 8 | 2018 | Professor | 02 | 14 | 11-13 |
| 9 | 2018 | Associate Professor | 05 | | |
| 10 | 2018 | Assistant Professor | 07 | | |
| | | Total | | 34 | |

ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન
માટે મહેકમ મંજુર કરવા અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ ટીઇયુ-૨૬૧૦-૧૭૭૫-ખ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- ૨૯.૭.૨૦૧૧

વંચાણે લીધાઃ-

૧. ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, ગુજરાત એક્ટ, ૨૦૧૦.
૩. કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરીની સીંગલ ફાઇલ નં. ૧૦૩.

---

**ઠરાવઃ-**

રાજ્ય સરકાર ધ્વારા ઉપર વંચાણે લીધેલ ક્રમાંકઃ ૧ પરના એક્ટથી ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન ( ટીચર્સ યુનિવર્સિટી) ની રચના કરવામાં આવેલ છે. આ યુનિવર્સિટી ધ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૨૦૧૨ થી કાર્યરત કરવાં ઉપર વંચાણે લીધેલ ક્રમાંકઃ ૨ ની સીંગલ ફાઇલથી મહેકમ મંજુર કરવા કરેલ દરખાસ્તને ધ્યાને લઇ નીચે મુજબની કુલ : ૨૯ જગ્યાઓ મંજુર કરવામાં આવે છે તેમજ તેની સામે જણાવેલ પગાર ધોરણ મુજબ ભરવા આથી નિમ્નોક્ત શરતોને આધીન સરકારશ્રીની મંજુરી આપવામાં આવે છે.

ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન ( ટીચર્સ યુનિવર્સિટી) માટેની જગ્યાઓ.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યા | પગાર ધોરણ |
|---|---|---|---|
| ૧ | રજીસ્ટ્રાર | - | ૧૫૬૦૦-૩૯૧૦૦, પીબી-૩, ગ્રેડ પે - ૭૬૦૦ |
| ૨ | ચીફ એકાઉન્ટ ઓફીસર | ૧ | ૧૫૬૦૦-૩૯૧૦૦, પીબી-૩, ગ્રેડ પે - ૬૬૦૦ |
| ૩ | એકાઉન્ટન્ટ/ ઓડીટર | ૧ | ૧૫૬૦૦-૩૯૧૦૦, પીબી-૩, ગ્રેડ પે - ૬૬૦૦ |
| ૪ | કન્ટ્રોલર ઓફ એકઝામીનેશન્સ | ૧ | ૧૫૬૦૦-૩૯૧૦૦, પીબી-૩, ગ્રેડ પે - ૫૪૦૦ |
| ૫ | આસી. રજીસ્ટ્રાર | ૩ | ૧૫૬૦૦-૩૯૧૦૦, પીબી-૩, ગ્રેડ પે - ૫૪૦૦ |
| ૬ | શારીરિક શિક્ષણ નિયામક | ૧ | ૧૫૬૦૦-૩૯૧૦૦, પીબી-૩, ગ્રેડ પે - ૬૬૦૦ |
| ૭ | વિધાર્થી કલ્યાણ અધિકારી | ૧ | ૯૩૦૦-૩૪૮૦૦ પીબી-૨ ગ્રેડ પે-૪૨૦૦ |
| ૮ | યુનિવર્સિટી ડેવલપમેન્ટ | ૧ | ૧૫૬૦૦-૩૯૧૦૦, પીબી-૩, ગ્રેડ પે - ૬૬૦૦ |



Scanned with CamScanner

| | | | |
|---|---|---|---|
| | ઓફીસર | | |
| ૯ | યુ.જી.સી. સેલ (ડેપ્યુટી રજીસ્ટ્રાર ) | ૧ | ૧૫૬૦૦-૩૯૧૦૦, પીબી-૩, ગ્રેડ પે - ૬૬૦૦ |
| ૧૦ | રજીસ્ટ્રેશન સેલ (ડેપ્યુટી રજીસ્ટ્રાર ) | ૧ | ૧૫૬૦૦-૩૯૧૦૦, પીબી-૩, ગ્રેડ પે - ૬૬૦૦ |
| ૧૧ | લાયબ્રેરીયન | ૧ | ૧૫૬૦૦-૩૯૧૦૦, પીબી-૩, ગ્રેડ પે - ૬૬૦૦ |
| ૧૨ | ક્યુરેટર | ૧ | ૫૨૮૦-૨૦૨૦૦ પીબી-૧ ગ્રેડ પે-૨૮૦૦ |
| | | | ક્રમાંક - ૧૧ થી ૧૨ વર્ગ- ૩ ની જગ્યાઓ હોવાથી નાણાં વિભાગના તા. ૧૬.૨.૨૦૦૬ અને તા. ૨૯.૪.૨૦૧૦ ના ઠરાવ અન્વયે ફીકસ પગારથી ભરવાની રહેશે ત્યારબાદ નિયત સમય બાદ ઉપર જણાવ્યા મુજબના પગાર ધોરણમાં નિયુકિત આપવાની રહેશે. |
| | કુલ : | ૧૩ | |

ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન ( ટીચર્સ યુનિવર્સિટી) ની કોન્સ્ટીટ્યુઅન્ટ કોલેજ માટે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યા | પગાર ધોરણ |
|---|---|---|---|
| | શૈક્ષણિક જગ્યાઓ. | | |
| ૧ | આચાર્યશ્રી | ૧ | ૩૭૪૦૦-૬૭૦૦૦ પી.બી.-૩ ગ્રેડ પે- ૧૦,૦૦૦ |
| ૨ | આસી. પ્રોફેસર | ૭ | ૧૫૬૦૦-૩૯૧૦૦, પીબી-૩, ગ્રેડ પે - ૬૬૦૦ (6000) |
| | કુલ- | ૮ | |
| | વહીવટી સ્ટાફ | | |
| ૩ | ઓફીસ સુપ્રિટેન્ડન્ટ | ૧ | ૯૩૦૦-૩૪૮૦૦ પીબી-૨ ગ્રેડ પે-૪૨૦૦ |
| ૪ | હેડકલાર્ક | ૧ | ૯૩૦૦-૩૪૮૦૦ પીબી-૨ ગ્રેડ પે-૪૨૦૦ |
| ૫ | એકાઉન્ટન્ટ/ સીની.કલાર્ક | ૧ | ૫૨૦૦-૨૦૨૦૦ પીબી-૧ ગ્રેડ પે-૨૪૦૦ |
| ૬ | જુનીયર કલાર્ક | ૨ | ૫૨૦૦-૨૦૨૦૦ પીબી-૧ ગ્રેડ પે-૧૯૦૦ |
| | | | ક્રમાંક - ૫ થી ૬ વર્ગ- ૩ ની જગ્યાઓ હોવાથી નાણાં વિભાગના તા. ૧૬.૨.૨૦૦૬ અને તા. ૨૯.૪.૨૦૧૦ ના ઠરાવ અન્વયે ફીકસ પગારથી ભરવાની રહેશે ત્યારબાદ નિયત સમય બાદ ઉપર જણાવ્યા મુજબના પગાર ધોરણમાં નિયુકિત આપવાની રહેશે. |
| | કુલઃ | ૫ | |

હોસ્ટેલ માટેનો સ્ટાફ

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યા | પગાર ધોરણ |
|---|---|---|---|
| ૧ | ચીફ વોર્ડન | ૧ | ૯૩૦૦-૩૪૮૦૦ પીબી-૨ ગ્રેડ પે-૪૨૦૦ |



Scanned with CamScanner

| | | | |
|---|---|---|---|
| ૨ | વોર્ડન બોઇઝ | ૧ | ૪૪૪૦-૭૪૪૦ IS ગ્રેડ પે-૧૩૦૦ |
| ૩. | વોર્ડન લેડીઝ | ૧ | ૪૪૪૦-૭૪૪૦ IS ગ્રેડ પે-૧૩૦૦ |
| | | | ક્રમાંક - ૧ થી ૩ વર્ગ- ૩ ની જગ્યાઓ નાણાં વિભાગના તા. ૧૬.૨.૨૦૦૬ અને તા. ૨૦.૪.૨૦૧૦ ના ઠરાવ અન્વયે ફીકસ પગારથી ભરવાની રહેશે ત્યારબાદ નિયત સમય બાદ ઉપર જણાવ્યા મુજબના પગાર ધોરણમાં નિયુક્તિ આપવાની રહેશે. |
| | કુલ | ૩ | |

શરતો :-

૧. યુનિવર્સિટીએ અત્યંત જરુરી હોય તેટલી જગ્યાઓ જ ભરવાની રહેશે.

૨. સ્ટાફની ભરતી પારદર્શક ભરતી પ્રક્રિયા મારફત ભરતી કરવાની રહેશે.

૩. વર્ગ- ૧ અને ૨ ની જગ્યાઓ પગાર ધોરણમાં જયારે વર્ગ- ૩ ની જગ્યાઓ રાજય સરકારની તા. ૧૬.૨.૨૦૦૬ ની અને તા. ૨૯.૪.૨૦૧૦ ની ફીકસ પગારની નીતિ અનુસાર ફીકસ પગારનાં ધોરણે ભરવાની રહેશે. જયારે સામેલ પરિશિષ્ટ- અ મુજબની ૧૮ જગ્યાઓ આઉટ સોર્સીંગથી ભરવાની રહેશે.

૪. યુનિવર્સિટી ધ્વારા કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી મારફત આ બાબતે મહેકમ અંગેની બાબતે જરુરી પુરક માંગણી રજુ કરવાની રહેશે.

૫. આ અંગેનો ખર્ચ યુનિવર્સિટીએ વિભાગના તા. ૩૦.૪.૨૦૧૧ ના ઠરાવ ક્રઃ બજટ-૨૬૧૦-૨૨૧-ખ૧ થી કરવામાં આવેલ ચાલુ વર્ષ માટેની રૂા. ૧૨૦/- લાખની બજેટ જોગવાઇમાંથી કરવાનો અને આ ઠરાવમાં જણાવેલ સદરેથી મેળવવાનો અને ઉધારવાનો રહેશે.

આ હુકમો નાણાં વિભાગની તા. ૧૧.૭.૨૦૦૧૧ ની નોંધથી સમાનાંકી ફાઇલ પર મળેલ મંજુરીને આધીન કરવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એમ.એચ.ખુમાર)
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.

બિડાણઃ પરિશિષ્ટ- અ (પાછળ સામેલ છે)

પ્રતિ,

- કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ગાંધીનગર. UOR ફાઇલ સાથે
- રજીસ્ટ્રારશ્રી, ઇન્ડીયન ઇન્સ્ટીટયુટ ઓફ ટીચર્સ એજયુકેશન (ટીચર્સ યુનિવર્સિટી), ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ /અમદાવાદ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- લોકલ ફંડ નિયામકશ્રીની કચેરી, અમદાવાદ.
- પસંદગી ફાઇલ.



Scanned with CamScanner

શિક્ષણ વિભાગના તા. ૨૦.૭.૨૦૧૧ ના ઠરાવ ક્રમાંકઃ ટીઇયુ-૨૬૧૦-૧૭૭૫-ખ સાથેનું બિડાણ

| | યુનિવર્સિટી માટે. | જગ્યા | |
|---|---|---|---|
| ૧ | મેડીકલ ડોકટર (વીઝીટીંગ) | ૧ | આઉટ સોર્સીંગ |
| ૨ | રીસેપ્શનીસ્ટ | ૧ | આઉટ સોર્સીંગ |
| ૩ | ડ્રાયવર (વી.સી., રજીસ્ટ્રાર, સ્ટાફ માટે) | ૩ | આઉટ સોર્સીંગ |
| ૪ | ટેકનીકલ આસીસ્ટન્ટ | ૧ | આઉટ સોર્સીંગ |
| ૫ | પટાવાળા | ૧ | આઉટ સોર્સીંગ |
| ~~૬~~ | ~~સ્વીપર~~ | ~~૧~~ | ~~આઉટ સોર્સીંગ~~ |
| | કુલ | ૮ | |
| | કોલેજ માટેની જગ્યાઓ | | |
| ૧ | પટાવાળા | ૪ | આઉટ સોર્સીંગ. |
| ૨ | સીકયુરીટી | ૨ | આઉટ સોર્સીંગ. |
| | | ૬ | |
| | હોસ્ટેલ માટે | | |
| | | | |
| ૧ | સ્વીપર | ૨ | આઉટ સોર્સીંગ. |
| ૨ | સીકયુરીટી | ૨ | આઉટ સોર્સીંગ. |
| | કુલ | ૪ | |
| | કુલ : | ૧૮ | |



Scanned with CamScanner

નવી બાબત-૨૦૧૫-૧૬
ઇડીએન-૧૨૭

ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન (IITE), ગાંધીનગર ખાતેની જગ્યાઓ અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃપરચ /૧૨૧૫/૨૧/ખ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ

વંચાણે લીધાઃ-

૧) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીનો તા.૦૯/૦૪/૨૦૧૫ નો પત્ર ક: OW/ISC-7/EDN-127/ વહીવટી-મંજૂરી/૨૦૧૫-૨૦૧૬/૨૫૯૬

આ મુ ખઃ-

ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન(IITE), ગાંધીનગર ખાતે નવી જગ્યાઓ ભરવા માટે સને ૨૦૧૫-૧૬ ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે રૂ.૫૦.૧૦/- લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. જેને વહીવટી મંજુરી આપવા ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીએ વંચાણે લીધેલા પત્રથી દરખાસ્ત કરી હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વ -

ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન ,ગાંધીનગર ખાતે નીચે દર્શાવેલ કુલ-૪ નવી જગ્યાઓ ઉભી કરવા માટે નીચેની શરતોને આધીન રૂ. ૫૦.૧૦/- લાખ (અંકે રુપિયા પચાસ લાખ દસ હજાર પુરા) નો ખર્ચ કરવા માટે વહીવટી મંજુરી આપવામાં આવે છે.

2015

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | પગાર ધોરણ |
|---|---|---|---|
| ૧ | એસોસીએટ પ્રોફેસર | ૨ | ૩૭,૪૦૦-૬૭,૦૦૦ ગ્રેડ પે-૯૦૦૦ |
| ૨ | આસીસ્ટન્ટ પ્રોફેસર | ૨ | ૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ પે-૬૦૦૦ |
| | કુલ | ૪ | |

શ ર તો-

(૧) આ મંજુંરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપંત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૦૬/૦૬/૧૫



Scanned with CamScanner

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતાં ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાન્તોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વંયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરેન્ડર કરવાંની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) વર્ગ-૧ અને વર્ગ-૨ ની જંગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ અનુસાર ઠરાવેલ રેશીયો મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.

(૮) જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની રહેશે.

(૯) સીધી ભરતીથી નિમણુંક પામનાર ઉમેદ્દવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક:નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦(પા.ક.) ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શનં યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૦) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે.આ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૧) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૨) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

૧૩) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૪) આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજરી આપવામાં આવે છે ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પૂરી થતા પહેલાના એક માસ અગાઉ નાણાકીય સલાહકારીશ્રીને રજુ કરી સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

૧૫) તા.૧.૪.૨૦૧૫ થી ખર્ચ કરવાનો રહેશે.



Scanned with CamScanner

૨. આ અંગેનો ખર્ચ માંગણી નં.- ૦૯(પ્લાન), ૨૨૦૨-સામાન્ય શિક્ષણ, ૦૩ યુનિવર્સિટી અને ઉચ્ચ શિક્ષણ, ૧૦૨- યુનિવર્સિટીઓને સહાય, ૧૩ ઇડીએન નં.૧૨૭ શિક્ષકોના શિક્ષણ માટેની ગુજરાત યુનિવર્સિટી, ગાંધીનગર (૨૨૦૨-૦૩-૧૦૨-૧૩) હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

૩. આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૨.૦૪.૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( નિકુંજ જાની )
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- રજિસ્ટ્રારશ્રી, ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન (IITE) યુનિવર્સિટી, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ / રાજકોટ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, સંબંધિત જિલ્લા
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- નાણા શાખા, બજેટ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ.



Scanned with CamScanner

નવી બાબત-૨૦૧૭-૧૮
ઇ.ડી.એન.-૩૦

ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન, ગાંધીનગર ખાતે નવી ૦૮ શૈક્ષણિક જગ્યાઓ ઉભી કરવાની નવી બાબતને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃઆઇઆઇટીઇ/૧૨૨૦૧૬/૨૭૭/ખ-૨,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૧૮.૦૪.૨૦૧૭

વંચાણે લીધાઃ-

(૧) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીનો તા.૨૮.૧૧.૨૦૧૬ નો પત્ર ક્રમાંકઃ CHE/ISC-7/EDN-30/નવી બાબત/૨૦૧૬/૪૨૧૫૪

(૨) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીનો તા.૨૧.૦૩.૨૦૧૭ નો પત્ર ક્રમાંકઃ CHE/નવી બાબત/૨૦૧૭/૬૫૪૪

આ મુ ખઃ-

ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન, ગાંધીનગર ખાતે નવી શૈક્ષણિક જગ્યાઓ ઉભી કરવા માટેની સને ૨૦૧૭-૧૮ ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે રૂ.૮૭.૩૫/- લાખની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. જેને વહીવટી મંજુરી આપવા ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીએ વંચાણે લીધેલા ક્રમાંક(૨)ના પત્રથી દરખાસ્ત કરી હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વ -

પુખ્ત વિચારણાને અંતે, ઇન્ડિયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન, ગાંધીનગર ખાતે નીચે મુજબની ૦૮ નવી શૈક્ષણિક જગ્યાઓ ઉભી કરવા નીચે દર્શાવેલ શરતોને આધીન કુલ-રૂ.૮૭.૩૫/- લાખ નો ખર્ચ કરવા માટે વહીવટી મંજુરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | સંખ્યા | પગાર ધોરણ |
|---|---|---|---|
| ૧ | પ્રોફેસર | ૦૧ | ૩૭૪૦૦-૬૭૦૦૦, ગ્રેડ પે-૧૦૦૦૦ |
| ૨ | એસોસીએટ પ્રોફેસર | ૦૨ | ૩૭૪૦૦-૬૭૦૦૦, ગ્રેડ પે-૯૦૦૦ |
| ૩ | આસીસ્ટન્ટ પ્રોફેસર | ૦૫ | ૧૫૬૦૦-૩૯૧૦૦, ગ્રેડ પે-૬૦૦૦ |
| | કુલ | ૦૮ | |

IITE
Inward No. 138
Date ...



Scanned with CamScanner

શરતો:

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત બહાર પાડેલા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગેના કરવાના થતાં ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો [illegible] કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. વણવપરાયેલી રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ અનુસાર ઠરાવેલ [illegible] મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.

(૮) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ક્વોટે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ક્વોટે આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૪/૬/૨૦૦૯ ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતો વખત થયેલા સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૯) યુનિવર્સિટીએ ડ્રાઇવર અને વર્ગ-૪ ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.01/04/2010 ના ઠરાવથી જોગવાઇ મુજબ મંજૂર થયેલ બજેટની મર્યાદામાં આઉટસોર્સીંગથી કરવાની રહેશે.

(૧૦) સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારોને નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક:નપન/૨૦૦૩/જીઓઇ/૧૦ (પાં.ફ) ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વધીંત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૧) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે યુનિવર્સિટીએ જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

(૧૨) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.



Scanned with CamScanner

(૧૩) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૪) રાજ્ય સરકાર દ્વારા વખતો-વખત નિયત કાર્યભારણનાં ધોરણો પ્રમાણે અમલ કરવાનો રહેશે.

(૧૫) આ નવી મંજુર કરેલ જગ્યા જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યા વખતો-વખત ચાલુ રાખવાની થાય તો યુનિવર્સિટી દ્વારા જગ્યા લંબાવવાની દરખાસ્ત મુદત પૂરી થતા પહેલાનાં એક માસ અગાઉ વિભાગમાં રજુ કરવાની રહેશે. અને જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

(૧૬) આ અંગેનો ખર્ચ તા.૦૧.૦૪.૨૦૧૭ થી કરવાનો રહેશે.

૨: આ અંગેનો ખર્ચ માંગણી નં.- ૯(પ્લાન), મુખ્ય સદર ૨૨૦૨- સામાન્ય શિક્ષણ, પેટા સદર- ૦૩- યુનિવર્સિટી અને ઉચ્ચ શિક્ષણ, ૧૦૨- યુનિવર્સિટીઓને સહાય, ૦૯ - ઇડીએન-૩૦-યુનિવર્સિટીઓનો વિકાસ અને વિસ્તરણ (૨૨૦૨-૦૩-૧૦૨-૦૯) હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

૩. આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧૫.૦૪.૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(દિપક પટેલ)
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
- રજીસ્ટ્રારશ્રી, ઇન્ડિયન ઇંસ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન, ગાંધીનગર
- નિયામકશ્રી, હિસાબી અને તિજોરી કચેરી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નાણાં શાખા, બજેટ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ.



Scanned with CamScanner

નવી બાબત-૨૦૧૮-૨૦૧૯
ઇડીએન-૩૦

ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે ૧૪ શૈક્ષણિક જગાઓ માટે અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા અંગે

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇટીઇ-૧૧૧૭- ન.બા.-CHE-૪૬૬-ખ-૨
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૧૪.૦૫.૨૦૧૮

વંચાણે લીધા:-

૧) નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીનો તા.૦૩.૦૪.૨૦૧૮નો પત્ર ક્રમાંક:ISC-7/CHE/ નવી બાબત /૨૦૧૮

ઠ રા વ -

સને ૨૦૧૮-૧૯ ના અંદાજપત્રમાં નવી બાબત તરીકે સમાવેશ કરેલ ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે ૧૪ શૈક્ષણિક જગાઓ માટે અંદાજપત્રમાં કરવામાં આવેલ જોગવાઇનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરી, ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના પત્રથી અત્રે દરખાસ્ત કરવામાં આવી હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે, ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની કુલ ૧૪ શૈક્ષણિક જગાઓ માટે સને રૂ.૧૦૦.૦૦ લાખ (અંકે રૂપિયા એક કરોડ પુરા) નો ખર્ચ કરવાની નીચે દર્શાવેલ શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.

| ક્રમ | જગાનું નામ | જગાની સંખ્યા | પગાર ધોરણ |
|---|---|---|---|
| ૧ | પ્રોફેસર | ૦૨ | ૩૭૪૦૦-૬૭૦૦૦ ગ્રેડ પે રૂ.૧૦૦૦૦ |
| ૨ | એસોસીયેટ પ્રોફેસર | ૦૫ | ૩૭૪૦૦-૬૭૦૦૦ ગ્રેડ પે રૂ.૯૦૦૦ |
| ૩ | આસીસ્ટન્ટ પ્રોફેસર | ૦૭ | ૧૫૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ પે રૂ.૬૦૦૦ |
| | કુલ | ૧૪ | |

શરતો:-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધિન અને નાણા વિભાગ વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.



Scanned with CamScanner

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષોનું અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો, પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનુ રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) વર્ગ-૧ અને વર્ગ-૨ ની જગાઓ ભરતી નિયમોની જોગવાઇ અનુસાર ઠરાવેલ રેશીયો મુજબ ભરવા કાર્યવાહી કરવાની રહેશે.

(૮) જે-તે જગાઓના પગાર-ધોરણો આંર.ઓ.પી-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીની રહેશે.

(૯) સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણા વિભાગના તા.૧૮.૦૩.૨૦૦૫ના ઠરાવ ક્રમાંક: નપન/૨૦૦૩/જીઓઆઇ/૧૦ (પા.ફા.) ની જોગવાઇ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા.૦૧.૦૪.૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૦) આ જગાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીએ જોવાનું રહેશે. આ જગાઓ ભરતી વખતે બેકલોગની જગા હોય તો તેને અગ્રીમતા આપવાંની રહેશે.

(૧૧) આ જગ્યાઓ ઉપરની ભરતી. સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતીનિયમો અને નિયતભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૨) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/ લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૩) રાજ્ય સરકાર દ્વારા વખતો વખત નિયત કાર્યભારણની ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.



Scanned with CamScanner

(૧૪) આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો વખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદત પૂરી થતા પહેલાના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૫) નાણા વિભાગ દ્વારા જે શરતોએ મંજૂરી આપવામાં આવેલ હોય તેમાં કોઇપણ સંજોગોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી વિના ફેરફાર કરી શકાશે નહીં અન્યથા તે અંગેની જવાબદારી વિભાગની રહેશે.

૩. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ માંગણી નં.-૦૯, ૨૨૦૨-૦૩-૧૦૨-૦૯, ઇડીએન-૩૦ સદર હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

૪. આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૦૭.૦૫.૨૦૧૮ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(દિપક પટેલ)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
- રજીસ્ટ્રારશ્રી, ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ ટીચર્સ એજ્યુકેશન યુનિવર્સિટી, ગાંધીનગર
- નિયામકશ્રી, હિસાબી અને તિજોરી કચેરી, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- નાણા શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- બજેટ શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નાયબ સેકશન અધિકારી, સિલેકટ ફાઇલ
- સિલેકટ ફાઇલ.



Scanned with CamScanner